# પ્રાંતિજમાં વહેલી સવારે સોનાના દોરાની ચીલઝડપ

## મહિલાના ગળામાંથી બાઈક સવાર બે તોલાના સોનાનો દોરો તોડી આંખના પલકારામાં ગાયબ : સતત નાની મોટી તસ્કરી છતાં પોલીસ ચોપડે સબ સલામત

પ્રાંતિજ,તા. ૩૦

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં વહેલી સવારે દર્શન કરીને પરત ફરતા મહિલાના ગળામાંથી બે તોલાના સોનાના દોરાની ચીલ ઝડપ થઈ હતી. મળતી માહિતી મુજબ પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં રહેતા પ્રજાપતિ અનુબેન ધીરજભાઈ કે જેઓ સોમવારના રોજ નિયત સમય પ્રમાણે મંદિરેથી દર્શન કરી પરત ફરી રહ્યા હતા તે સમયે અચાનક પાછળથી બાઈક ઉપર આવેલ અજાણ્યા શખ્સો દ્વારા ફિલ્મીઢબે આવી મહિલાના ગળામાં રહેલ બે તોલાની સોનાની દોરો અંદાજે કિંમત ૫૦ હજારની ચીલ ઝડપ કરી આંખના પલકારામાં ગાયબ થઈ ગયા હતા. જ્યારે મહિલા દ્વારા બુમાબુમ કરી મુકતા ત્યાંથી પસાર થતાં લોકો તથા આજુબાજુના રહેણાંક વિસ્તારમાંથી લોકો ઉમટી પડ્યા હતા. પણ આજુબાજુ જોતા કોઈ બાઈક કે બાઈક સવારો નજરે પડ્યા ન હતા. જ્યારે અવારનવાર આવી ચીલઝડપો થતી હોવા છતાં પોલીસને ચોપડે કે પોલીસ સ્ટેશન સુધી ના આવતી હોવાથી આવા ગુનેગારોને ફાવતુ મલી જાય છે. અને પોલીસ ચોપડે આવા ગુનાઓ ના હોવાથી પોલીસ પણ સબસલામત તેવી ડંફાસ કરે છે. જ્યારે બપોર સુધી પોલીસના ચોપડે ફરીયાદ થઈ ના હોવાનું પણ જાણવા મળ્યું છે.

# ઊંઝા ગંજબજારમાં ધમધમતા જુગારધામ પર પોલીસનો દરોડો

## આઠ જુગારીઓ ઝડપાયા : પોલીસે રૂ. ૧.૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

ઊંઝા, તા.૩૦

વેપારીમથક ઊંઝા ખાતે ગંજબજારમાં જાહેરમાં ચાલતા પત્તાપાનાના જુગાર ધામ પર પોલીસે દરોડો પાડી સ્થળ પરથી આઠ શખ્સોને ઝડપી લઈ કુલ ૧.૯ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ દરોડામાં સ્થાનિક નગરપાલિકાના એક સભ્ય પણ ઝડપાતાં શહેરમાં ભારે ચકચાર જાગી છે.

ઊંઝા માર્કેટયાર્ડમાં છેલ્લા કેટલાક વખતથી કેટલાક તત્વો જાહેરમાં પત્તાપાનાનો જુગાર રમતા રમાડતા હોવાનું કહેવાય છે. અહીં અવાર નવાર જુગાર અંગે દરોડા પાડવામાં આવે છે તેમ છતાં આ બદી બંધ થતી નથી. દરમિયાન સ્થાનિક પોલીસે બપોરના સમયે માર્કેટયાર્ડમાં પાછળની બાજુએ આવેલ સંડાસ મુતરડીના આગળના ભાગે દુકાનોની પાછળ જાહેરમાં કેટલાક તત્વો પોતાના આર્થિક ફાયદા માટે હારજીતનો ગંજીપાનાનો જુગાર રમતા રમાડતા નગરપાલિકાના એક સદસ્ય સહિત આઠ શખ્સોને ઝડપી લીધા હતા. બાદ સ્થળ પરથી રૂપિયા ૩૫૭૧૦ની રોકડ રકમ, ૬ નંગ મોબાઈલ ફોન ત્રણ દ્વિચક્રી વાહનો મળી કુલ રૂપિયા ૧૦૯૭૧૦ની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા જુગારીઓમાં પટેલ હિતેશ જયંતિભાઈ, પટેલ હરગોવન સોમાભાઈ, પટેલ બાલુભાઈ કાનજીભાઈ, પટેલ દશરથભાઈ શિવરામ, પટેલ વિષ્ણુ રામજીભાઈ, પટેલ રજનીકાંત નરસિંહભાઈ, પટેલ ભરત શિવરામભાઈ, મહેતા બાલુભાઈ સોમાભાઈ તમામ રહે. ઊંઝાનો સમાવેશ થાય છે. આ દરોડામાં નગરપાલિકાના સદસ્ય ભરત શિવરામભાઈ પટેલ જુગારના દરોડામાં ઝડાપાયા હોવાની ચર્ચાએ શહેરીજનોમાં ભારે ચર્ચા જગાવી છે.

ઉનાળાની શરૂઆત થતા જ પાણીની તંગી સર્જાય છે. ત્યારે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સાઠંબા ગામના જીવદયા પ્રેમી સચીન શાહ અને તેમના મિત્રોએ સાઠંબા અને આજુબાજુ વિસ્તારમાં પક્ષીઓને પીવાનું પાણી સહેલાઈથી પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુથી માટીના કુંડા લગાવવામાં આવ્યા હતા. આ માટીના કુંડાઓને જીવદયા પ્રેમીઓ દ્વારા પાણીથી હંમેશા ભરેલા રાખવામાં આવશે અને માટીના કુંડા જે જગ્યાએ મુકવામાં આવ્યા છે તેની આજુબાજુમાં રહેતા પ્રજાજનોને કુંડામાં પાણી ભરવા અનુરોધ કર્યો હતો. (જય અમીન, મોડાસા)

# મેઘરજના લીંભોઈ ગામે ખેતરમાં આગ લાગતા ઘઉંનો પાક સ્વાહા

(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

ઈસરી, તા. ૩૦

મેઘરજ તાલુકાના લીંભોઈ ગામમાં બે દિવસ અગાઉ બપોરના ૧૨ વાગ્યાની આસપાસ પટેલ કોદરભાઈ કુબેરભાઈના ખેતરમાં આગ લાગતા ખેતરોમાં વાવેતર કરેલા ઘઉ બળીને ખાખ થઈ ગયા હતા.

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર મેઘરજ તાલુકાના લીંભોઈ ગામના કોદરભાઈના ખેતરમાં ઘઉંના પાકની વાવણી કરી હતી. જેમાં વધેલા ઘાસને નાસ કરવા માટે ખેતરમાં આગ લગાડવામાં આવી હતી. પરંતુ પવનના કારણે આગે રોદ્ર સ્વરૂપ ધારણ કરી બેકાબુ બની ગઈ હતી અને આગે બાજુમાં આવેલા બીજા ખેતરમાં ઉભેલા પાકને પણ ઝપટમાં લઈ લીધો હતો. જ્યારે ઉનાળામાં બપોરના સમયે વધારે તાપમાનના કારણે આગ જોત જોતામાં આખા ખેતરમાં પ્રસરી ગઈ હતી. ત્યારે આજુબાજુના ખેતરોમાંથી દોડી આવેલા ખેડૂતો અને ખેત મજુરોએ અને ગામના લોકોએ પોતાના ખેતરોમાં રહેલી પાણીની મોટરો ચાલુ કરી પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લેવામાં આવી હતી. પંરતુ ખેતરમાં ઉભેલા ઘઉંના પાકને બચાવવામાં નિષ્ફળતા મળી હતી. જો સમયસર પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લેવામાં સફળતા ન મળી હોત તો આજુબાજુમાં આવેલા કેટલાય ઘઉંના ખેતરોમાં પાક બળીને ખાખ થઈ ગયો હોત. ઘઉંની લણણી કર્યા બાદ ઘાસને નાશ કરવા માટે ભૂમિપુત્રો દ્વારા અપનાવાતી પરંપરાગત પદ્ધતિથી કેટલીય વાર નુકશાન થવાનો ભય પણ રહેલો હોય છે.

# જે.બી. પ્રાથમિક શાળાનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૨૩ જે.બી. પ્રાથમિક શાળામાં ઈનામ વિતરણ સમારોહ, વિદાય સમારોહ અને એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સે-૨૩ કડી સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જે.બી. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૮ના વિદ્યાર્થીઓને હર્ષભેર વિદાય આપવામાં આવી હતી. પ્રાથમિક વિભાગથી માધ્યમિક વિભાગમાંપ્રવેશ કરનાર વિદ્યાર્થીઓએ અંતિમ સમયે પોતાના ગુરુજીઓ સાથે સે-૨૮ ગાર્ડનની પિકનીક કરી હતી.

વર્ષ દરમિયાન શાળામાં યોજાયેલ દાસકાકા શિયાળુ રમતોત્સવ, બાલ મહોત્સવ, ગુરૂપૂર્ણા, કલા પ્રદર્શન, ફુલછડી મેકીંગ સ્પર્ધા, નિબંધ લેખન, વકતૃત્વ અને બાળ વિજ્ઞાન પ્રદર્શન જેવા કાર્યક્રમોમાં ભાગ લીધેલ ૫૧૯ વિદ્યાર્થીઓને આચાર્ય નીવા પટેલના વરદ હસ્તે પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા.

શાળાના શિક્ષક ગણનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. પ્રવાસમાં ઈડરીયા ગઢની મુલાકાત લીધી હતી. જીવીત પત્થરોને જોઈ શિક્ષકો અભિભૂત થઈ ગયા હતા. પોળોના જંગલની મુલાકાત લીધી હતી.

# જિલ્લામાં ગતિશીલ ગુજરાત અંતર્ગત કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં ગતિશીલ ગુજરાત અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે મળી હતી.

આ બેઠકમાં ગતિશીલ ગુજરાત અંતર્ગત ૧૧ મહત્વપૂર્ણ વિષયના ૪૮ મુદ્દાઓને આવરી લેતા વિકાસ કામોની જિલ્લામાં થયેલી કામગીરી પર કલેકટર શ્રી રવિશંકરે સંબંધિત અધિકારીશ્રીઓ પાસે -ગતિ સાથેની આંકડાકીય વિગતો જાણી હતી. તેમણે ગતિશીલ ગુજરાત અંતર્ગત ફાળવવામાં આવેલા લક્ષ્યાંકને ઝડપી પૂર્ણ કરવા સંબંધિત અધિકારીશ્રીઓને ભારપુર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં કલેકટર શ્રી રવિશંકરે મહિલા સશક્તિકરણ માટેની દૂધ મંડળીઓની નોંધણી, નિરાધાર વિધવા સહાય યોજના, મુખ્યમંત્રીશ્રી અમૃતમૂ યોજના, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજના, જનની સુરક્ષા યોજના જેવી વિવિધ યોજનાઓની કામગીરીની આંકડાકીય વિગત મેળવી હતી.

તે ઉપરાંત નિર્મળ ગામ, ઘન કચરાનું ડોર ટુ ડોર કલેકશન, ઉચ્ચ -ાથમિક શાળામાં ઈન્ટરનેટ કનેકશન, નવા વીજ જોડાણ મંજૂર કરવાની કામગીરી જેવી અનેક વિકાસ કામોની -ગતિ અંગેની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એમ. ભીમજીયાણી, નિવાસી અધિક કલેકટર શ્રી ગુણવંતસિંહ સોંલકી, મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.આર. ચૌધરી સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પ્રાંતિજ પોસ્ટમાં લાઈટબીલ લેવાનું બંધ કરતા ગ્રાહકોની પરેશાનીઓ વધી

પ્રાંતિજ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ઉત્તર ગુજરાત વીજકંપનીના લાઈટ બીલ પોસ્ટ ઓફિસે લેવાનું બંધ થતા ગ્રાહકોની પરેશાની પણ ગરમીમાં વધી જવા પામી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલું પોસ્ટ ઓફિસમાં ઈલેકટ્રોનિક માટેનું વપરાશ બીલ (લાઈટબીલ) પહેલાં પોસ્ટ ઓફિસ તથા જીઈબી રેલવેસ્ટેશન લેવામાં આવતું હતું. જે બે કિલોમીટર દૂર હોવાથી મોટાભાગના ગ્રાહકો નજીકમાં આવેલ ભાંખરીયા બસ સ્ટેશન ઉપર આવેલ પોસ્ટ ઓફિસમાં ભરી દેતા હતા પણ અચાનક પોસ્ટમાં લાઈટ બીલ લેવાનું બંધ કરી દેતા ગ્રાહકોને બે કિલોમીટર સુધી લાંબા થવાનો વારો આવ્યો છે. અને દઝાડી દે એવી ગરમીમાં લોકોને ઉત્તર ગુજરાત વીજ કંપનીની ઓફિસ ખાતે લાંબી લાઈનની કતાર લાગે છે અને વીજબીલ ભરવા આવેલ ગ્રાહકોનો સમય તથા રીક્ષાભાડુ સહિત વધારો થયો છે અને ઉંમરલાયક વીજ બીલ ગ્રાહકોને પગે ઉભા ઉભા સોજા પણ આવી જાય છે તો આ યંત્ર યુગમાં કંઈ યાંત્રિક રીતે સગવડ કરવામાં આવે તેવું હાલ વીજ ગ્રાહકો જણાવી રહ્યા છે જયારે પોસ્ટમાં વીજબીલની ધરખમ આવક છતાં સેવા બંધ કરતાં અને ફરીથી પોસ્ટ તથા અન્ય વિકલ્પો દ્વારા ભાંખરીયા બસ સ્ટેશન પાસે વીજબીલ લેવામાં આવેતો વીજ ગ્રાહકોની વધેલી પરેશાનીઓમાં રાહત થશે.

## શબ્દાવલી - ૫૬૮૬



### આડી ચાવી

૧. આવવું અને જવું તે (૫)
૫. પવન, વાહર (૧)
૬. આંખ, નયન, ચક્ષુ (૩)
૧૦. ... ચોર ગરમ (ખાવાની વસ્તુ) (૨)
૧૧. એક સુકો મેવો (૪)
૧૨. કુરાનનું મૂળસૂત્ર - ફરમાન (૩)
૧૪. વળોટવું, કૂદવું (૩)
૧૫. મા-બાપ વિનાનું (૩)
૧૯. ચૂલો - બઠ્ઠી (૨)
૨૦. એક ઝાડના રસમાંથી બનતો પદાર્થ(૩)
૨૨. તાજીયાનો દિવસ (૪)
૨૪. એક નજર, એકી ટસ (૨)
૨૫. પાઇપ, ભુંગળી (૨)
૨૬. માથાકુટ, માથાફોડ (૫)

### ઊભી ચાવી

૧. આલોચના કરનાર (૪)
૨. લાઇબ્રેરી, પુસ્તકાલય (૫)
૩. બંદૂક, રીવોલ્વર (૨)
૪. બંદૂક, રીવોલ્વર (૨)
૮. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૯. છાજીયા લેવા (૩)
૧૩. કળીના (લાડુ) (૪)
૧૬. મુલાયમ કાપડ (૪)
૧૭. માંકડુ (૪)
૧૮. પાલવ, આંચલ (૩)
૨૧. ટૂકડો, ડૂચો (૩)
૨૩. રંગોનો તહેવાર (૨)

### શબ્દાવલી ૫૬૮૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) વસંત (૪) લથપથ (૬) વાસુદેવ (૮) ખેદ (૯) આજીજી (૧૧) ભેળસેળ (૧૩) નારદ (૧૫) તાસ (૧૬) વિભાજન (૧૮) દાટો (૨૦) વરૂ (૨૧) ફાનસ (૨૨) મઢી (૨૪) તટ

**ઊભી ચાવી :-** (૨) સંવાદ (૩) તસુ (૪) લવ (૫) પરેજી (૭) દેવળ (૮) ખેવના (૯) આળસ (૧૨) સેતાન (૧૪) રવિ (૧૭) જરુર (૧૮) દાનત (૧૯) ગામ

# ડીસા ઉત્તર પોલીસે ગાયકવાડ શાસન સમયના પૌરાણિક ગોગા મહારાજનો પાટોત્સવ યોજયો

ડીસા, તા.૩૦

ડીસા ઉત્તર પોલિસ મથક વર્ષો જૂના ગાયકવાડી શાસનમાં બનાવાયેલા ભુવનમાં કાર્યરત છે અને પૌરાણિક જગ્યામાં ગાયકવાડી શાસનથી 'ગોગા મહારાજ'ની દેરી આવેલી છે. જયાં વર્ષોથી સરકારી અધિકારી, કર્મચારી ગણ માથુ ટેકવી, પૂજા અર્ચના કરે છે. જે શ્રધ્ધાને આગળ ધપાવી ડીસા ઉત્તર પોલીસ પરિવારે શહેરમાં સુખ-શાંતિ અને સમૃધ્ધિ સાથે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેવી મંગલ કામના સાથે અહીં દિવ્ય યજ્ઞ યોજી દેવતાઓને આહુતી આપી હતી.

આ દિવ્ય યજ્ઞ ડીસા તાલુકા પંચાયત કચેરી કમ્પાઉન્ડમાં આવેલ ગાયકવાડી શાસન સમયના પૌરાણિક ભુવનમાં યોજાયો હતો. આ કચેરી ખાતે અગાઉ મામલતદાર કચેરી કાર્યરત હતી જે બાદ અહીં હાલ ડીસા ઉત્તર પોલિસ મથક કાર્યરત છે આ ભુવનમાં જ પૌરાણિક ગોગા મહારાજનું મંદિર આવેલું છે. આ મંદિર શ્રધ્ધાનું પ્રતિક બનેલ છે ત્યારે આજ રોજ સોમવારે ઉત્તર પોલિસ મથકના પોલિસ ઈન્સ્પેકટર એચ.એન. રાઠોડ અને પોલિસ કર્મીએ ગોગા મહારાજની પૂજા અર્ચના કરી હતી. પોલિસ પરિવાર દ્વારા ગોગા મહારાજના યોજાયેલા પાટોત્સવના ધાર્મિક કાર્યક્રમમાં શહેરીજનો જોડાયા હતાં. પોલિસ ઈન્સ્પેકટર રાઠોડે અહીં દિવ્ય યજ્ઞ કરી આહુતિ આપી શહેરીજનોની સુખ-શાંતિ અને મંગલ કામના માટે પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરીજનો હાજર રહ્યા હતાં.

# નર્મદા જિલ્લામાં ૫૮૮૭ હેકટરમાં રોપાનું વાવેતર

અમદાવાદ, તા.૩૦

રાજય વિધાનસભામાં પ્રશ્નોતરીકાળ દરમિયાન ડભોઈના ધારાસભ્ય બાલકૃષ્ણ પટેલે નર્મદા જિલ્લામાં તથા દેડિયાપાડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર અંગેનો પ્રશ્ન પૂછયો હતો. આ પ્રશ્નનો પ્રત્યુત્તર પાઠવતા વન અને પર્યાવરણ રાજય મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫માંતા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૨૮૯૮ હેકટર અને ૨૯૮૯ હેકટર મળી કુલ ૫૮૮૭ હેકટર રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. તેપૈકી દેડિયાપાડા તાલુકામાં જ કુલ ૧૬.૯૮ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. મંત્રીએ માહિતી આપી હતી કે, વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં મળીને કુલ ૯૩૩.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## સભ્યોની સંખ્યા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન જેવા જાહેર સ્થાનો પર જી નોંધણી કરવી, સેવાવસ્તી, સહકારી ક્ષેત્ર, વિવિધ વ્યવસાય સ્થાનો પર જઈ સદસ્યો નોંધવા તથા યુવા મોરચા, મહિલા મોરચા સહિતના મોરચા-સેલ દ્વારા વિશેષ અભિયાન ઉપરાંત ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા બુથ ચલો સદસ્યતા અભિયાન વિસ્તારક યોજના થકી શક્તિ કેન્દ્રથી લઈને પ્રદેશ કક્ષા સુધીના વિવિધ કાર્યક્રમોના આયોજનથી પ્રદેશ ભાજપ દ્વારા સદસ્યતા અભિયાનને વેગ આપવામાં આવ્યો. રાષ્ટ્રીય મહાનુભાવો અને પ્રદેશ સ્તરના આગેવાનોના માર્ગદર્શન અને જિલ્લા-મંડલ સ્તરના હોદ્દેદારોના સુચારૂરૂપ આયોજન અને લક્ષ્યાવધિ કાર્યકર્તાઓના પરિશ્રમ અને ધગશથી આ મુકામ પર પહોંચાયું છે.

આજ રોજ રાજયના તમામ મંડલ અને જિલ્લા/મહાનગરના મુખ્ય મથકો અને પ્રદેશ કાર્યાલય ખાતે ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા સ્થાપિત નવકિર્તીમાનને વધાવવા ફટાકડાં ફોડી, મીઠાઈઓ વહેંચી, ધ્વજ પતાકા લહેરાવી-વંદે માતરમ, ભારત માતાકી જયના જયઘોષ સાથે કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા. પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઈ.કે. જાડેજા, સંગઠન પર્વના પ્રદેશ ઈન્ચાર્જ શ્રી મનસુખભાઈ માંડવીયાની હાજરીમાં કાર્યકર્તાઓએ આ સિદ્ધિને વધાવી લીધી હતી. આ તબક્કે રાષ્ટ્રીય આગેવાનો અને પ્રદેશના મહાનુભાવોએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## આડશ બનેલા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી સર્વિસ રોડનું કામ લાંબા સમયથી અટવાયું હતું. સર્વિસ રોડના જરૂરી કામમાં આ વિસ્તારમાં આડશ બનતા ૪ મકાનો અને એક બોરકુવાની ઓરડી સહીત ૫ બાંધકામો દૂર કરવાનું અનિવાર્ય બન્યું હતું. આ મામલે ગુડાના ચેરમેન આશિષ દવેએ આ મિલ્કત ધારકો સાથે બેઠકોનો દોર હાથ ધરી સર્વિસ રોડના નિર્માણની કામગીરી અંગે સમજ આપી હતી. સાથોસાથ અકસ્માતો અને જાનહાનિ અટકાવવા માર્ગ સલામતી અંગે પણ મિલ્કતધારકોને માહીતગાર કરી સંમતિ માટે ઈચ્છા દર્શાવી હતી. આખરે મિલ્કતધારકોના હકારાત્મક અભિગમના અંતે ગુડા દ્વારા આ બાંધકામો તોડી પાડવાનું કામ શરૂ કરાયું હતું. સર્વિસ રોડ માટે જગ્યા ખુલ્લી થતા ટુંકમાં જ બાકી રહેતા ૪.૮૦ કી.મી.ના રસ્તાનું કામ પણ શરૂ કરી દેવાશે.

## વોકઆઉટ ● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્તિસિંહને અટકાવતા જણાવ્યું હતું કે, ૨૬મી તારીખના બનાવ અંગે અધ્યક્ષે રૂબીંગ આપી દીધુ છે અને અધ્યક્ષસ્થાને બેઠેલા ઉપાધ્યક્ષે કરેલી કાર્યવાહી કાયદેસરની જ ગણાય. તેની સામે વિરોધ ઉઠાવી શકાય નહી. માટે બેસી જવા શક્તિસિંહને અધ્યક્ષ વસાવાએ કહેલા રજુઆત અને વિરોધમાં કહેવાનો પોતાનો અધિકાર હોવાની સામે દલલી કરી વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળ કોંગ્રેસના તમામ સભ્યો ગૃહમાંથી વોક આઉટ કરી ગયા હતા અને ગૃહમાંથી બહાર નીકળી સરકાર વિરૂદ્ધ ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિધાનસભા સંકુલ ગજવી મુક્યું હતું.

કોંગ્રેસના સભ્યોના વોકાઉટ બાદ માર્ગ અને મકાનમંત્રી નીતિનભાઈ પટેલે ઉભા થઈને વિપક્ષના સભ્યોને ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવાને બદલે તેમણે કરેલા કૃત્યનો પાછળથી કોંગ્રેસના સભ્ય શક્તિસિંહ બચાવ કરી રહ્યા છે. ગૃહમાં અને ગૃહની બહાર તોડફોડ કરીને હવે તેમના કૃત્યને લોકશાહીના નામે બચાવ કરી રહ્યા છે. આથી કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા જે બોલ્યા તે બધુ રેકોર્ડમાંથી દૂર કરવા વિનંતી કરી હતી.

મંત્રી નીતિનભાઈ પટેલે કરેલી રજુઆતના સમર્થનમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી રમણલાલ વોરાએ ઉભા થઈને જણાવ્યું હતું કે આ એ જ લોકો છે જેમણે ભૂતકાળમાં અધ્યક્ષ સ્થાને બેઠેલા વયોવૃદ્ધ સભ્ય દોલતભાઈ દેસાઈ સામે માઈક તોડીને ઘા કર્યો હતો. તત્કાલિન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ઉપર પણ તેમણે પીનકુશનના ઘા કર્યા હતા. ત્યારે સાર્જન્ટોએ સ્ટુલન તેમની આડા ઢાલ તરીકે રાખતા આ બંને મહાનુભાવો ઈજાગ્રસ્ત થતા બચી ગયા હતા.

મંત્રી વોરાએ જણાવ્યુ હતુ કે, આ ગૃહમાં થયેલા કૃત્ય ગૃહના કેમેરામાં શુટ થયેલું છે. તેના ફુટેજ જુઓ આ બધાને ધ્યાનમાં રાખીને અધ્યક્ષે જે નિર્ણય કર્યો છે તે ગૃહની ગરિમા જાળવવા જે નિર્ણય કર્યો છે તેની સામે વિરોધ કરી શકાય નહી.

અધ્યક્ષ ગણપતસિંહ વસાવાએ બંને મંત્રીઓની રજુઆતો સાંભળ્યા બાદ રૂલિંગ આપતા જણાવ્યું હતું કે ૨૬મીએ ગૃહમાં જે બનાવો બન્યા તે અંગે મે રૂલિંગ પણ આપી દીધુ છે તેમ છતાં આજે કોંગ્રેસના સભ્યો મોઢા ઉપર કાળી પટ્ટી બાંધીને આવ્યા. ગૃહમાં કોઈ પ્રદર્શન કરી શકાતુ નથી તેમ છતાં ગૃહની કાર્યવાહી સારી રીતે ચાલે તે માટે કોંગ્રેસના સભ્યોને મોઢા ઉપર કાળી પટ્ટી બાંદેલી હાલતમાં પણ મે બેસવા દીધા. અધ્યક્ષના નિર્ણયોની કોઈ ટીકા ટીપ્પણ કરી શકાતી નથી. પરંતુ કોંગ્રેસના સભ્ય શક્તિસિંહ ગોહિલે ઉભો કરેલો પોઈન્ટ ઓફ ઓર્ડર હુ સ્વીકારી શકતો નથી. એટલે તેમણે ગૃહમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા કરેલુ સમગ્ર ભાષણ ગૃહના રેકોર્ડમાંથી દૂર કરવાની જાહેરાત કરી હતી. ત્યાર બાદ કોંગ્રેસના સભ્યોની ગેરહાજરી ગૃહમાં સરકારી વિધેયકોની કાર્યવાહી આગળ ચાલી હતી.

## કેન્દ્ર સમક્ષ ● અનુસંધાન પહેલાનું ચાલુ

નુકસાનની વિગતો આપવામાં આવી હતી. ગુજરાતમાં આ વરસાદ અને કરાને પરિણામે પ્રાથમિક તબક્કે વિવિધ પાકોના ૧ લાખ ૮૦ હજાર હેકટર વિસ્તાર પાકને નુકસાન થાયાના તેમજ રાજયના ૨૪ જિલ્લાઓને તેની અસર પહોંચી હોવાના અંદાજોની માહિતી આપવામાં આવી હતી. કેન્દ્રીય શહેરી વિકાસમંત્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, કુદરતી આપદાની આ વેળાએ કેન્દ્ર સરકાર સૌ કિસાનોની પડખે સહાય-મદદ માટે તત્પર છે તેવો ભરોસો આપવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અસરગ્રસ્ત રાજયોમાં કેન્દ્રીય મંત્રીઓને પ્રાથમિક નુકસાની અંદાજ મેળવવા મોકલ્યા છે. આ મંત્રીઓને મળેલી માહિતી બાદ કેન્દ્રીય મંત્રીઓની ઉચ્ચસ્તરીય સમિતી સર્વગ્રાહી સ્થિતીનું મૂલ્યાંકન કરીને રાજયોને સહાયતા અંગે નિર્ણય કરશે.

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પ્રધાનમંત્રીએ પત્ર પાઠવીને કેલેમિટી રિલીફ ફંડના સહાયના ધોરણો બદલતા તથા ૫૦ ટકાથી વધુ નુકસાનના કિસ્સામાં મળતી પ્રવર્તમાન સહાય ૨૫ ટકાથી ૫૦ ટકા સુધીના નુકસાનના કિસ્સામાં પણ કરવાની જે રજૂઆત કરી છે તે સંદર્ભમાં ઈન્ટરમિનીસ્ટ્રી કમિટીમાં તેઓ રજૂઆત કરશે તેવી હૈયા ધારણ પણ કેન્દ્રીય મંત્રીએ આપી હતી. આ સમીક્ષા બેઠકમાં ગુજરાતના કપાસ પકવતા ખેડુતોને થયેલા આર્થિક નુકસાન અંગે તેમજ યુરીયા ખાતરના જથ્થાની ઉપલબ્ધિ અંગે પણ સકારાત્મક દિશામાં ચર્ચા-વિમર્શ હાથ ધરવામાં આવ્યો હતો. વૈંકૈયા નાયડુએ ધરતીપુત્રને થતા નુકશાન અને પાક સંરક્ષણ માટે લાંબાગાળાના ઉપાયો તહેત પાક વીમા યોજના, ગ્રામીણ ગોડાઉન, સોઈલ હેલ્થકાર્ડ અને કોલ્ડ સ્ટોરેજ જેવી કૃષિ ક્ષેત્રની સર્વગ્રાહી બાબતો વિચારાધીન છે તેની રૂપરેખા આપી હતી.

## આજીવન કેદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યતિન્નદરસિંગ હેમસિંગ રાજપૂતે (બન્ને રહે. સાંતેજ) નીતિનભાઈ ધુળાભાઈ પટેલ પાસે પૈસાની ઉઘરાણી કરી હતી. આ દરમિયાન આરોપીઓએ તેમને ધમકી પણ આપી હતી. ત્યારબાદ રાત્રીના ૯.૪૫ કલાકે આ માર્ગ પર ઉમા ફેક્ટરી પાસે આરોપીઓએ નીતિનભાઈ સાથે ઝઘડો કર્યો હતો. રોડની બાજુમાં આવેલા ખાડામાં નીતિનભાઈને પછાડી તેમને માથાના, મોઢાના તેમજ ગુપ્ત ભાગે પત્થરો મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેના લીધે નીતિનભાઈનું મોત નિપજ્યું હતું. આરોપીઓ વિરૂદ્ધ કલોલ તાલુકા પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ કલોલની એડીશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે ખૂન કેસના આરોપીઓને સખત સજા કરવા કોર્ટ સમક્ષ દલીલો કરી હતી. જે દલીલોને તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ જી.એમ. પટેલે બન્ને આરોપીઓને ખૂન કેસમાં આજીવન કેદની સજા તેમજ રૂ. ૧ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે.